શાળાના આચાર્યોને ઉચ્ચક મહેનતાંણાના
દરો સુધારવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃબમશ/૧૧૧૪/૫/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૪/૩/૨૦૧૪.

વંચાણે લીધાઃ-

૧) શિક્ષણ વિભાગનો તાઃ ૯/૧૦/૨૦૦૦નો ઠરાવ-ઉમશ/ ૧૨૨૦૦૦/૨૩૫૦/-ગ-૧,
૨) કમિશ્નરશ્રી, શાળાઓનો તારીખ: ૨/૯/૨૦૧૩નો પત્રક્રમાંક: અનદ.૧/ઘ/૨૦૧૩-૧૪/૨૩૫૫૮.
૩) ગુજરાત રાજય આચાર્ય સંઘનો તારીખ: ૭/૮/૨૦૧૩નો કમિશ્નરશ્રી, શાળાઓને સંબોધીને લખેલ પત્ર.

ઠ રા વ –

ગુજરાત રાજય આચાર્ય સંઘની ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના વર્ગો ધરાવતી માધ્યમિક શાળાઓના આચાર્યોને ઉચ્ચક મહેનતાનાંના દરમાં સુધારો કરવાની રજુઆત વિચારણા હેઠળ હતી.

**૨.** કાળજીપૂર્વકની વિચારણાના અંતે રાજયમાંની જે બિન સરકારી માધ્યમિકના ધોરણ.૧૧-૧૨ના વર્ગો ચાલતા હોય તે શાળાના આચાર્યને ઉચ્ચતર માધ્યમિક શાળાની કામગીરી માટે આ હુકમો થયા તારીખથી નીચે મુજબ ઉચ્ચક મહેનતાણાંના દરોમાં વધારો કરી હાલના દરો સામે સુધારેલ દરોએ મહેનતાણું આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | હાલનો દર | સુધારેલ દર |
|---|---|---|---|
| ૧. | ઉચ્ચતર માધ્યમિક શાળાનો જ્યાં એક પ્રવાહ હોય ત્યાં આચાર્યને માસિક મહેનતાણું | રૂ. ૨૫૦/- | રૂ. ૫૦૦/- |
| ૨. | એકથી વધુ પ્રવાહ હોય ત્યાં આચાર્યને માસિક મહેનતાણું | રૂ. ૩૫૦/- | રૂ. ૭૦૦/- |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની ૨૪/૨/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે..

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( નિલેશ ત્રિવેદી )
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુકત શિક્ષણ નિયામકશ્રી( ૧૦+૨ ઘટક) કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ ,રાજકોટ.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦-બી, ગાંધીનગર.
- ચ શાખા, પગાર એકમ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, અભિષેક બિલ્ડિંગ, સેકટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર.
- ગ-૧ શાખા, લ શાખા શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.